**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**એકેસીઆ મેન્જીઅમના ઉભા વૃક્ષોની હરાજી**

આચાર્ય, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના ઈન્સ્ટ્રકશનલ ફાર્મ માંથી અંદાજે ૩૦૦ નંગ એકેસીયા મેન્જીઅમના ઉભા ઝાડો કાપીને લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ ઈજારા માટે ટેન્ડર ફોર્મ દીઠ રૂા. ૨૦૦/– (રૂપિયા બસ્સો પુરા) ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રોકડા ચુકવી કચેરી સમય દરમ્યાન મેળવી ભરવાના રહેશે. ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડરથી વેચાણની શરતો મેળવી લેવી તેમજ શરતો અનુસાર ભરેલા સીલ્ડ ટેન્ડર ફોર્મ સાથે રૂપિયા ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ જહાર પુરા)નો રીફંડેબલ "એન.એ.યુ. ફન્ડ એકાઉન્ટ" ના નામનો ચેક/ડીમાન્ડ ડ્રાફટ જોડવાનો રહેશે. ભરેલા સીલ્ડ ટેન્ડરના કવર ઉપર " એકેસીઆ મેન્જીઅમની હરાજી" તેમ લખવું જરૂરી છે. ટેન્ડર ફોર્મ સ્વીકારની છેલ્લી તારીખ ૦૪/૦૬/૨૦૧૪ રહેશે. મળેલા ટેન્ડરો તા. ૦૫/૦૬/૨૦૧૪ બપોરે ૧૫:૦૦ કલાકે ફોરેસ્ટ્રી કોલેજ ખાતે ખોલવામાં આવશે. એકેસીઆ મેન્જીઅમનાં વૃક્ષોની સ્થિતી ઈજારાદારો કચેરી સમય દરમ્યાન ફાર્મ ઉપર જોઈ શકશે. ટેન્ડર વેચાણની શરતો યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર www.nau.in પણ મુકવામાં આવેલ છે. આ બાબતે વધુ જાણકારી માટે નીચે મુજબના ફોન ઉપર સંર્પક કરવો.

ફોન નંબરઃ 9726263987, 9408851285, 9925447636

## નવસારી કૃષિ યુનિવર્સિટી, ફોરેસ્ટ્રી ફાર્મ ખાતે એકેસીયા મેન્જીઅમના ઉભા ઝાડો કાપીને લઈ જવાના ઈજારાની વર્ષ ૨૦૧૪–૨૦૧૫ ની ટેન્ડરથી વેચાણની શરતો.

૧. ઈન્સ્ટ્રકસનલ ફાર્મ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના ફોરેસ્ટી ફાર્મ ખાતેના નીચે દર્શાવ્યા પ્રમાણેના એકેસીયા મેન્જીઅમના ઝાડ આવેલા છે. જેને કાપીને લઈ જવાનો ઈજારો આપવાનો છે.

| અ.નં. | છાટણી/નિકાલ કરવાના ઝાડની વિગત | વિભાગ | ઝાડની સંખ્યા | ડિપોઝીટ રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | એકેસીયા મેન્જીઅમ | ઈન્સ્ટ્રકસનલ ફાર્મ,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>નવસારી ૩૯૬ ૪૫૦ | અંદાજે ૩૦૦ | ૫૦૦૦/– |

૨. ઉપરોકત શરત ૧ માં નિર્દીષ્ટ વૃક્ષો કાપીને લઈ જવાના ભાવ ટેન્ડર ફોર્મમાં ભરી શિલબંધ કવરમાં, જાહેરાતમાં દર્શાવેલ સમય મર્યાદામાં ટપાલ અથવા કુરીયર દ્વારા અથવા રૂબરૂમાં **આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦** ને પહોંચાડવાના રહેશે.

૩. એકેસીયા મેન્જીઅમના વૃક્ષો જમીનનાં સ્તરથી ૧૦ સે.મી.ની ઉંચાઈએ કરવત દ્વારા ત્રાંસો કટ મારી કાપવાનાં રહેશે કાપણી કુહાડીથી કરવાની નથી.

૪. શિલબંધ કવર ઉપર મોટા અક્ષરોમાં **"એકેસીયા મેન્જીઅમની હરાજી"** તે મુજબ લખવું ફરજીયાત છે. આ મુજબનાં લખાણ વગરનાં કવર જો કચેરી દ્વારા ખોલી દેવાશે તો તે ભાવો અમાન્ય ગણાશે અને નવસારી કૃષિ યુનિવર્સિટીની આ બાબતે કોઈપણ જવાબદારી રહેશે નહી.

૫. વૃક્ષોનાં ભાવ શિલબંધ કવરમાં ટેન્ડર ફોર્મ માં પાર્ટીના નામ, સરનામા, ટેલીફોન નંબર તેમજ પાર્ટીની સહી સહીતનાં હોવા જોઈએ તેમજ ભાવની સાથે ડિપોઝીટની રકમ પેટે રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા) નો ચેક/ડીમાન્ડ ડ્રાફટ **" નવસારી કૃષિ યુનિવર્સિટી ફન્ડ એકાઉન્ટ"** ના નામનો સામેલ રાખવો ફરજીયાત છે.

ઉપરોકત વિગતો અને ડિપોઝીટની રકમ વગરના ટેન્ડરો અમાન્ય ગણાશે.

૬. અસ્વીકૃત ટેન્ડરો સાથે મળેલ ખરાપણાની રકમ ડિપોઝીટ તરીકે જમા લઈ રીફંડ ઓફ ડિપોઝીટ સદરે શાખપત્ર મેળવી શકય તેટલી વહેલી પરત કરવામાં આવશે.

૭. ફોરેસ્ટ્રી ફાર્મ, નવસારી કૃષિ યુનિવર્સિટી મુકામે ટેન્ડર ભરવાની તારીખ અગાઉ જાહેર રજા સિવાયના કોઈપણ દિવસે સવારે– ૮:૦૦ થી ૧૨:૦૦ તેમજ બપોરે ૨:૦૦ થી ૫:૦૦ દરમ્યાન ઈજારાદારો એકેસીયા મેન્જીઅમના વૃક્ષોની પરિસ્થિતિ જોઈ શકશે.

૮. ઉપરોકત શરત ૧ માં નિર્દષ્ટ કરેલ ઝાડોના વર્ષ ૨૦૧૪–૨૦૧૫ની સાલમાં ઈજારાની મુદ્દત હરાજી થયા બાદ ચાર (૪) માસ સુધી રહેશે.

૯. ઈજારાદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહી

૧૦. કોર્ટ દ્વારા નૈતિક અધઃપતન કે અન્ય ગુના સંબધિત શિક્ષા ફરમાવવામાં આવેલ વ્યકિત,આ પ્રકારની શિક્ષા ભોગવેલ વ્યકિત, ૧૮ વર્ષથી ઓછી ઉમરની વ્યકિત, નાદાર જાહેર થયેલ વ્યકિત/સંસ્થા અથવા તો વિભાગ/સરકાર દ્વારા કાળી યાદીમાં મુકવામાં આવેલ કોઈ પણ વ્યકિત અગર તો પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે. અને આવા ટેન્ડર સાથેની ખરાપણાની રકમ વિભાગ દ્વારા ખાલસા કરવામાં આવશે.

(માંગણીદારની સહી)

૧૧. ઈજારાદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

અ.) હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે ડિપોઝીટ પેટે ઉપર જણાવ્યા મુજબ ડિપોઝીટ જમા કરાવવાની રહેશે અને તેજ ઈસમનું ટેન્ડર સ્વિકારવામાં આવશે. અને જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ ડિપોઝીટ તરીકે (અનામત) ગણવામાં આવશે. બાકીના ઈસમોને ડિપોઝીટની રકમ હિસાબી કાર્યવાહી પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. ડિપોઝીટની (અનામત) રકમ ઈજારો પૂર્ણ થયેથી ફાર્મમાં કોઈ પણ જાતની નુકશાની નહી થયા બાબતની સદર કેન્દ્રના સંચાલક અધિકારી (ફાર્મ મેનેજર)ની સંમતી મળતા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઈ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહિ.

બ.) ઈજારાની ૫૦% રકમ ઈજારો મંજુર થયે તુરંત જ ભરવાની રહેશે અને બાકીની ૫૦% રકમ ટેન્ડર મંજુર થયાના ત્રણ દિવસમાં જમા કરાવવી પડશે. રકમ ભરાયા બાદ જ ઈજારાના ઝાડો કાપવા દેવામાં આવશે. સદરહુ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહશે.

૧૨. ઉપર જણાવેલ ઈજારાની રકમ જમા કરાવ્યા બાદ કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે. ત્યાર બાદ ઈજારાદાર વહીવટ કરી શકશે.

૧૩. ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદતમાં જમા કરાવવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. તેથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કાંઈ નુકશાન થયેલ હશે તે ઈજારાદારે ભરેલ ડિપોઝીટની રકમ માથી તેમજ ઈજારાની ભરપાઈ કરેલ ૫૦% રકમ માંથી કાપી લેવા સંસ્થા હક્કદાર રહેશે અને તેમાં ઈજારાદારની કોઈ તકરાર ચાલશે નહી.

૧૪. અ.) જયાંસુધી નવસારી કૃષિ યુનિવર્સિટી માંગણીદારની ખરીદદાર તરીકે નિમણુંક ન કરે ત્યાં સુધી જે તે માંગણીદારોને આ ટેન્ડરની શરત બંધનકર્તા રહેશે. જો આમાની કોઈ શરતનો ભંગ થશે તો માંગણીદારે શરત નં. ૫ હેઠળ જમા કરાવેલ ખરાપણાની રકમ ખાલસા કરવામાં આવશે. વધુમાં નવસારી કૃષિ યુનિવર્સિટી આવા ટેન્ડરમાં આવરી લેવાયેલા જથ્થાનું પુનઃ વેચાણ કરી શકશે જો નવસારી કૃષિ યુનિવર્સિટીને આ જથ્થાનો નિકાલ કરવામાં ફાયદો થશે તો તેનું હકકદાર નવસારી કૃષિ યુનિવર્સિટી રહેશે. તથા જો નુકશાન થશે તો આનુ નુકશાન શરતભંગ કરનાર માંગણીદારના શિરે રહેશે તથા તેમણે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી આ નુકશાન ભરપાઈ કરવાની માંગણીની નોટીસ મળ્યેથી દિન–૫ માં આ નુકશાન નવસારી કૃષિ યુનિવર્સિટીને ભરપાઈ કરવું પડશે. નુકશાનની રકમ નકિક કરવા માટે નીચે મુજબનું સુત્ર આપનાવવામાં આવશે. નુકશાનની રકમ (રૂપિયામા) = માંગણીદારે ટેન્ડર દ્વારા કે અન્યથા આપેલ માંગણીની રકમ (–) પુનઃ વેચાણમાં મળેલ ખરીદ કિંમત.

બ.) પુનઃ વેચાણમાં પણ જો આ જથ્થાનો નિકાલ થશે નહીતો માંગણીદાર પાસેથી વસુલ કરવાના થતા નુકશાનની રકમ ગણતરી નીચે મુજબ થશે.

નુકશાનની રકમ (રૂપિયામા) = માંગણીદારે ટેન્ડર દ્વારા કે અન્યથા આપેલ માંગણીની રકમ.

ક.) પરંતુ આવા જથ્થાના પુનઃ વેચાણ દ્વારા માંગણીદાર પાસેથી વસુલ કરવા પાત્ર થતી રકમ કરતા વધુ રકમ ઉપજશે તો આ વધારાની રકમ ઉપર માંગણીદારનો કોઈ હકક કે દાવો રહેશે નહિ.

૧૫. કોઈ પણ સંજોગોમાં ઈજારાની પુરે પુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહી.

૧૬. શરત નં. ૧૧–બ મુજબ જો ઈજારાની પુરે પુરી રકમ સમયસર ભરવામાં ન આવશે તો ઈજારાદરની ડિપોઝીટ જપ્ત કરી ઈજારાદારના જોખમે અને જવાબદારીએ કમીટી દ્વારા નક્કી કર્યા મુજબ કામગીરી હાથ ધરાસે.

૧૭. ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નિયુકત સમિતિની આખરી અને બંધન કર્તા રહેશે. વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઈ પણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારાદારના શીરે રહશે.

૧૮. ઝાડ કાપતા કોઈ પણ માલ, મકાન, ઝાડ પાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારાદારે રાખવાની રહેશે. ઈજારાદાર નવસારી કૃષિ યુનિવર્સિટીને કોઈ પણ જાતનું નુકશાન કરશે, તો અને સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાનની રકમ વસુલ કરવામાં આવશે. ઈજારાદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી માલની હેરફેર કરવાની રહેશે.

૧૯. સદરહુ ફાર્મમાં ઈજારાદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવશે તેના નામ, સરનામાં ફર્મ મેનેજરશ્રીને લેખિતમાં રજુ કરવાના રહેશે. જેતે શખ્શનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતને નુકશાન કરતા જણાય તો તેવા માણસોને ફાર્મ મેનેજરશ્રી તરફથી લેખિત જાણ થશે તેજ દિવસે દુર કરવાના રહેશે અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી.

૨૦. કોઈ પણ કુદરતી આફત અગર કોઈ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલા ઝાડોને કોઈ પણ નુકશાન થશે તો તેની સંસ્થા કે યુનિવર્સિટીની કોઈ પણ જવાબદારી રહેશે નહી.

(માંગણીદારની સહી)

૨૧. ઈજારાદાર શરત નં.૧ માં જણાવેલ વિભાગ અને ઝાડ સિવાયના કોઈ પણ પ્લોટ માંથી કોઈ પણ ઝાડ કાપી શકશે નહી આ શરતનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

૨૨. વેચાણ માટે આપવામાં આવેલ ઝાડ કે મુળ કાપતી વખતે હરાજીમાં ન હોય તેવા ઝાડોને કોઈ પણ જાતનું નુકશાન થવું જોઈએ નહી અને જો આ અંગે કોઈ પણ જાતનું નુકશાન થશે તો તેની વસુલાત ઈજારાદાર પાસેથી કરવામાં આવશે.

૨૩. કાપેલ ઝાડના લાકડા ફાર્મની બહાર લઈ જવા માટે નોંધ ફરજીયાત પણે પ્રથમ ગેટ પાસમાં કરાવવાની રહેશે.

૨૪. ઝાડો કાપવાનો સમય સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધીના રહેશે તે સિવાયના તથા રજાના સમયમાં ઝાડ કાપવાના હોય તો ફાર્મ મેનેજરની મંજુરી મેળવવાની રહેશે.

૨૫. આ અંગેની કોઈપણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે ઈજારાદારે માન્ય રાખવો પડશે.

૨૬. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા કોઈ પણ ઈસમને ઈજારો આપી શકશે નહી.

૨૭. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે. તે અંગે કોઈ તકરાર ચાલશે નહી.

૨૮. સંજોગોવશાત જો ઈજારાદારો દ્વારા ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઈસમોની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો નિમણૂંક કરેલ કમિટિનો નિર્ણય આખરી રહેશે અને જરૂર જણાયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. અથવા હરાજી નામંજુર કરવામાં આવશે અને તેમાં ઈજારાદારોની કોઈ તકરાર ચાલશે નહી અને કમીટીનો નિર્ણય તેમાં આખરી ગણાશે.

૨૯. માંગણીદારે તેમના માટે તથા તેમના વતી કામ કરવા માટે વેચાણમાં ભાગ લેનાર ઈસમને મુખ્યત્યારનામું આપવું ફરજીયાત છે. આ મુખ્યત્યાર નામાની ખરી નકલ ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે. વેચાણ તેમના નામે મંજુર થયેથી મુખ્યત્યારનામાની મૂળ પ્રત તેમણે નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

૩૦. માંગણીદારે ટેન્ડર ભરવામાં ઘુંટા–ઘુંટ અને છેક–છાક ટાળવાની રહેશે. તેમના દરેક સુધારા નજીક ટુંકી સહી કરવાની રહેશે.

૩૧. શરતી ટેન્ડરો, તારથી કે ફેકસથી મોકલેલા ટેન્ડરો, વિભાગ તરફથી નકકી કરેલ ફોર્મ સિવાયના ફોર્મમાં ભરવામાં આવેલ ટેન્ડરો, નિયત કરેલ તારીખ અને સમય પછી આવેલા ટેન્ડરો તથા આ જાહેરનામાની શરતો પ્રમાણે ના હોય તેવા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૩૨. માંગણીદારો ટેન્ડર ખોલવાના નિયત સમય સુધીમાં તેમણે આપેલ ટેન્ડરો પાછા ખેંચી શકશે. પરંતુ આમ કરવા માટે તેમણે લેખિત અરજી કરીને નવસારી કૃષિ યુનિવર્સિટી કે તેમના અધિકૃત પ્રતિનિધિની પૂર્વ મંજુરી લેવી પડશે.

૩૩. આ જાહેર હરાજીનું જે જાહેરનામું બહાર પાડવામા આવેલ છે તેનો જથ્થો અંદાજીત છે. અને તેમાંકોઈ ફેરફાર હોય તો તે ખરીદ દારે માન્ય રાખવાનો રહેશે. માંગણીદારે બ્લોક/વાવેતરની હદ તેમજ તેમા ઉભા ઝાડો, તેનો બતાવેલ જથ્થો અને તેની ગુણવત્તાની સ્થળ ઉપર જઈ ખાતરી કર્યા બાદ જ આ ટેન્ડરમાં માંગણીભરેલ છે તેમ માનવામાં આવશે. માંગણીદાર ટેન્ડર સાદર કર્યા બાદ તેમાં કોઈ પણ જાતનો ફેરફાર કરી શકશે નહિ અને આ અંગે તેમની કોઈ ફરીયાદ માન્ય રાખવામાં આવશે નહિ.

૩૪. વેચાણમાં મુકવામાં આવેલ બ્લોક/વાવેતર અંદાજીત ઉત્પાદનનો જથ્થો " જયાં છે ત્યાં અને જેમ છે તેમ" ના ધોરણે મુકવામાં આવેલ છે. અને ખરીદનારને તેના કોઈ પણ ભાગ માટે પસંદગી કે ના પસંદગીની કે નકારવાનો હકક રહેશે નહિ.

૩૫. ટેન્ડર ખોલવાના સમયસુધીમાં નવસારી કૃષિ યુનિવર્સિટી ઉપર જણાવ્યા પૈકીના કોઈ પણ બ્લોક/વાવેતરનો બતાવેલ જથ્થો કે તેનો કોઈ ભાગ રદ કરવાની કે તેમા સુધારો વધારો કે ફેરફાર કરવાનો અબાધિત હકક ધરાવે છે.

૩૬. નિયત સમય સુધીમાં આવેલ ટેન્ડરો નકકી કરેલ તારીખે અને સમયે હાજર રહેલ માંગણીદારો સમક્ષ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારી દ્વારા ખોલવામાં આવશે તથા તેમા દર્શાવેલ વિવિધ બ્લોક/વાવેતરની માંગણી ભાવ વાંચી સંભળાવવામાં આવશે.

૩૭. જો પ્રાપ્ત થયેલ ટેન્ડરો નામંજુર થાય તો વેચાણના દિવસે વાટાઘાટથી અથવા તો જાહેર હરાજીથી વેચાણ યોજવામાં આવશે. આવી જાહેર હરાજીમાં, ટેન્ડર ન ભરનાર વ્યકિત કે પેઢીપણ આ હરાજી થતાં પહેલા ખરાપણાની રકમ ભરીને નોટીસની શરતો તેમને બિનશરતી સ્વીકાર્ય છે તેમ જણાવી ભાગ લઈ શકાશે.

(માંગણીદારની સહી)

૩૮. ટેન્ડરમાં સહી કરનાર વ્યકિતને પોતે પેઢીના માલીક તરીકે ભાગીદાર પેઢીના અધિકૃત ભાગીદાર તરીકે કે કંપનીના અધિકૃત પ્રતિનિધિ મેનેજર કે ડાયરેકટર તરીકે કે અન્ય કોઈ વેપારી સંસ્થાના અધિકૃત પ્રતિનિધિ તરીકે સહી કરે છે તે સ્પષ્ટ પણે સહીની નીચે નામ સહિત જેતે પેઢી, કંપની કે અન્ય વેપારી સંસ્થાના રબર સ્ટેમ્પ દ્વારા દર્શાવવાનું રહેશે.

૩૯. કોઈપણ એક જથ્થો કે બ્લોક/વાવેતર માટે એક કરતા વધારે સંખ્યામાં સરખા ભાવના ટેન્ડર હશે અને તે માંગણી ભાવ યુનિવર્સિટીને સ્વીકાર્ય જણાશે તો વેચાણના સ્થળે હાજર રહેલા માંગણીદારોને તેમના માંગણી ભાવમાં વધારો કરવાની પરવાનગી આપવામાં આવશે અને આ રીતે મળેલ વધુ ભાવની માંગણી સ્વીકારવી કે નહી તે નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી દ્વારા નકકી કરવામાં આવશે. જો માંગણીદારો માંગણી ભાવોમાં વધારો કરવાની ના પાડે તો કયું ટેન્ડર સ્વીકારવું તે ચીઠ્ઠી ખેચીને નકકી કરવામાં આવશે.

૪૦. ખરીદદારે વેચાણ બાદ રાખેલ માલની જવાબદારી વેચાણ મંજુર થયાની તારીખથી ખરીદદારની રહેશે. વેચાણબાદ કુદરતી આફત, આગ, પુર વગેરે કારણોસર માલને થતાંપુરા કે આંશિક નાશ કે નુકશાનીથી ઉભુ થનાર નાણાંકીય નુકશાન ખરીદદારના શિરે રહેશે. આ બાબતે નવસારી કૃષિ યુનિવર્સિટીની કોઈ જ જવાબદારી રહશે નહિ.

૪૧. ખરીદદારે આ કરાર હેઠળ કરવાની થતી કામગીરી આ અંગે રોકેલ કારીગરો પૈકી કોઈ એક કે વધુ કારીગરને કોઈ પણ જાતનું નુકશાન અને / અથવા ઈજા થશે તો તેની જવાબદારી સંપૂર્ણ પણે ખરીદદારની રહેશે. અને તેને મજુર કાયદાઓની જોગવાઈઓ હેઠળ કે અન્ય કોઈ નિયમ અનુસાર જે કોઈ વળતર ચુકવવાનું થશે. તે ખરીદદારે ચુકવવું પડશે, નવસારી કૃષિ યુનિવર્સિટીની આ અંગે કોઈ પણ જાતની જવાબદારી રહેશે નહિ આમ છતા પણ આ અંગે કોઈ પણ રકમ ચુકવવાની ફરજ પડશે તો તે રકમ ખરીદદાર પાસેથી વસુલ કરવા માટે નવસારી કૃષિ યુનિવર્સિટી હકકદાર રહેશે. અને તેવા કિસ્સામાં આ પ્રકારની ચુકવણી નવસારી કૃષિ યુનિવર્સિટીને કરવા માટે ખરીદદાર આ સાથે પરત ખેચી ન શકાય તેવી બાંહેધરી આપે છે.

૪૨. શરતોના અર્થ અને અમલ અંગે કોઈવાર વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીનો નિર્ણય છેવટનો ગણાશે.

૪૩. આ વેચાણ હેઠળ ઉપસ્થિત થનાર તમામ દાવાઓ નવસારી ન્યાયાલયની હકુમતમાં રહેશે.
ઉપરોકત તમામ શરતો મને/અમોને બિનશરતી માન્ય છે જે બદલ સહી કરું છું/ કરીએ છીએ.

તારીખઃ
સ્થળ: (માંગણીદારની સહી)

**<u>નોંધઃ શરતના દરેક પાન ઉપર માંગણીદારે સહી કરવની રહેશે.</u>**

(માંગણીદારની સહી)